Sheetal
Sheetal Noodles
ANY TIME TASTY
73000 51000

અમરેલી, ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૨-૦૦
તા.૨૯-૧૨-૨૦૨૩ શુક્રવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

જુનામાં જુનુ એટલે...
ઇબ્રાહીમભાઇનું
ઝનકાર
બ્રાસ બેન્ડ
લેડીઝ અને જેન્ટસ સિંગર સાથે
૧૦૦ માણસોનો સ્ટાફ મળશે
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪
સરનામું :- ચાંદની ચોક, અમરેલી
અમારી કોઇ બીજી શાખા નથી

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ માગસર વદ ૨ વર્ષ : ૨૮ અંક ૧૧૮

### અમરેલીના એસપીશ્રી હીમકરસિંહ દ્વારા અસામાજીકોની ઉપર કાયમી ધોરણે તીસરી આંખ ગોઠવી દેવાઇ

# અમરેલી જિલ્લામાં ૨૦૦ સ્થળોએ કેમેરાથી નેત્રમની વોચ શરૂ

**ગીર સોમનાથ, જુનાગઢ, ભાવનગર, બોટાદ, રાજકોટ મળી પાંચ જિલ્લામાંથી થતી તમામ એન્ટ્રી અને એકઝીટ ઉપરાંત તમામ હાઇવે ઉપર સીસી ટીવી કેમેરા લગાવી દેવાયા : નેત્રમ સાથે લીન્કઅપ કરાયું**

**અમરેલી જિલ્લાની ૨૦ ચેક પોસ્ટ સહિત નેત્રમની દરેક જગ્યાએ આંખ : અંગ્રેજી ફીલ્મોની જેમ જ સતત કરાઇ રહેલ મોનીટરીંગ : એસપી કચેરી પાસે આવેલ નેત્રમનું પણ સીધુ ગાંધીનગર જોડાણ**

**અમરેલી જિલ્લાના લીલીયા,બાબરા, વડીયા,સહિતના તાલુકાઓને જોડી દેવાયા રાજુલા પંથકમાં કામગીરી શરૂ : અકસ્માત કરી નાસી ગયેલા એકસો ઉપરાંતના લોકોને શોધી અને કેસ સોલ્વ કરાયા,કેમેરાને કારણે અનેક ગુના ડીટેકટ થયા : અવધ ટાઇમ્સને વિગતો આપતા એસપીશ્રી હિમકરસિંહ**

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર)

અમરેલીના એસપીશ્રી હીમકરસિંહદ્વારાઅસામાજીકોનીઉપર કાયમી ધોરણે તીસરી આંખ ગોઠવી દેવાઇછે.



હોલીવુડની ફીલ્મોની જેમ આપણા પોલીસ તંત્ર પાસે પણ હવે એક કી.મી.રેન્જઅનેઓટોડીટેકશનસીસ્ટમ સહિતના કેમેરાથી સજજ કંટ્રોલ રૂમ શરૂ છે જેને પોલીસે નેત્રમ એવુ નામ આપ્યું છે અમરેલી જિલ્લામાં ૨૦૦ સ્થળોએ ૫૦૦ઉપરાંતના કેમેરાથી નેત્રમની વોચ શરૂ થઈ છે.

સીસીટીવી કેમેરાથી અમરેલી જિલ્લાના લીલીયા,બાબરા, વડીયા,ધારી,બગસરા સહિતના તાલુકાઓને જોડી દેવાયા છે અને રાજુલા તથા સાવરકુંડલા પંથકમાં કામગીરી શરૂ છે આ કેમેરાનો લાભ એ છે કે સડકો ઉપર અકસ્માત કરી નાસી ગયેલા એકસો ઉપરાંતના લોકોને શોધી અને કેસ સોલ્વ કરાયા હતા તેમા કેમેરા મદદરૂપ થયા



(અનુ. પાના નં.૫)

### સૌથી પહેલા બવાડામાં અને પછી લીલીયા તાલુકામાં કેમેરા લગાવાયા

## ડબલ મર્ડરથી કેમેરા લગાવવાની શરૂઆત થઇ

**શ્રી હિમકરસિંહના માર્ગદર્શનમાં શ્રી લક્કડ અને શ્રી કડછાએ નેટવર્ક તૈયાર કર્યુ**

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર)

અમરેલી જિલ્લામાં અત્યારે કોઇ ગેંગ કે અસામાજીકોએ પગ મુકવો હોય તો વિચાર કરવો પડે તેવી રીતે સીસી ટીવી કેમેરાથી જિલ્લા પોલીસ તંત્ર સજજ બન્યું છે પણ તેની શરૂઆતનો કિસ્સો પણ જાણવા જેવો છે.

સૌથી પહેલા લીલીયાના બવાડામાં અને પછી લીલીયા તાલુકામાં કેમેરા લગાવાયા હતા કારણ કે દુધાત પરિવારના દંપતિની લુંટ માટે હત્યા થઇ હતી ત્યારથી એટલે કે લીલીયાના બવાડા ગામના ડબલ મર્ડરથી કેમેરા લગાવવાની શરૂઆત થઈ અને પછી પહેલા સૌથી વધુ

(અનુ. પાના નં.૫)

### વધુ એક પરપ્રાંતિય શ્રમિકનાં લાડકવાયાને દિપડો ભરખી ગયો

# અમરેલીનાં તરક તળાવમાં વાડીએ પાણી ભરવા જતા છ વર્ષનાં બાળકને દિપડાએ ફાડી ખાધો



**સાંજે સાડા પાંચ વાગ્યે બનેલા બનાવથી તરક તળાવમાં ફફડાટ : વન વિભાગને જાણ કરાતા વન વિભાગની ટીમ દોડી આવી : મૃત બાળકને પોસ્ટમોર્ટમ માટે અમરેલી ખસેડાયો**

અમરેલી,

અમરેલી પંથકમાં વન્યપ્રાણીઓ દ્વારા માનવીઓને મોતને ઘાટ ઉતારવાના બનાવો સતત વધી રહયા છે તેમાં વધુ એક ઉમેરો થયો છે અમરેલી નજીકનાં તરક તળાવ ગામે આજે સાંજે ૪.૩૦ વાગ્યે પરપ્રાંતીય શ્રમિકના વાડીમાં પાણી ભરવા ગયેલા ૬ વર્ષના બાળકને દીપડાએ ફાડી ખાઈ મોતને ઘાટ ઉતારતા હાહાકાર મચી જવા પામ્યો છે આ અંગેની વિગતો એવા પ્રકારની છે કે તરક તળાવનાં રમણીકભાઈ પોપટભાઈ દેવાણીની વાડીમાં છેલ્લા ત્રણ વર્ષથી કામ કરતા પરપ્રાંતીય શ્રમિક જગલીયા મંડલોઈના છ વર્ષનો પુત્ર અમીત વાડીમાં પાણી ભરવા

(અનુ. પાના નં.૫)

॥ અતિથી દેવો ભવ ॥
Avadh HERITAGE "One step close to paradise"
સૌરાષ્ટ્રનું નંબરવન નઝરાણું
કે.બી.ગ્રુપ
અવધ હેરિટેજ રિસોર્ટ
શુભ લગ્ન, રીંગ સેરેમની, મેરેજ એનીવર્સરી, બર્થ ડે
ડીલક્ષ રૂમ, સુપર ડીલક્ષ રૂમ
મહારાજા - મહારાણી સ્યુટ રૂમ
ફેમીલી રૂમ, પ્રિમીયમ રૂમ
એસી બેંક્વેન્ટ હોલ - કલબ હાઉસ કોટેઝ
સ્વીમીંગપુલ
ડીસ્કોથેક
ઇનડોર ગેમ, જીમ - સિનેમા
પંજાબી, ચાઇનીઝ, સાઉથ ઇન્ડીયન, કોન્ટીનેન્ટલ, હોટ કોલ્ડ બેવરેજીસ
દેશ વિદેશમાં ધુમ મચાવનાર
અવધ શાહી દરબાર રેસ્ટોરન્ટ
અમરપુર વરૂડી, અમરેલી મો.૯૪૦૮૧ ૯૧૦૦૦, (૦૨૭૯૨) ૨૯૯ ૨૯૮

Sheetal
100% PURE MILK ICE CREAM
BUY 1 GET 1 OFFER
FREE
TRADITIONAL KULFI
ON ORDER OF ANY PIZZA
Sheetal Garden Parlour Atal Park, Collage Circle, Amreli. 10:00am to 11:00pm

સ્ટાફ જોઇએ છે
દાંતનાં દવાખાનામાં લેડીઝ સ્ટાફ જોઇએ છે.
ડેન્ટલ આસિસ્ટન્ટ - ૧
રિસેપ્સનિસ્ટ (કમ્પ્યુટરના જાણકાર) - ૧
દવાખાનાનાં કામકાજ માટે લેડીઝ - ૧
-: રૂબરૂ મળો :-
સવારે ૯:૦૦ થી ૧:૦૦
સાંજે ૫:૦૦ થી ૭:૦૦
ૐ ફેમિલી ડેન્ટલ કેર
પહેલો માળ, સારથી કોમ્પલેક્ષ, લીલીયા રોડ, અમરેલી ફોન : ૨૩૦ ૩૦૦

આપની સેફટી તેમજ આરામદાયક મુસાફરીએ જ અમારૂ લક્ષ્ય
સૌથી ઓછા રેટમાં
હુંડાઈ અલ્કઝાર...(૭ સીટર)
ઈનોવા ક્રિસ્ટા...(૭ સીટર)
મારૂતી અર્ટીગા...(૭ સીટર)
મારૂતી બ્રેઝા...(૪ સીટર)
હુંડાઈ વરના...(૪ સીટર)
હુંડાઈ ક્રેટા...(૪ સીટર)
A/C NON A/C
જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ધવલભાઈ મકવાણા - મો. ૯૯૦૪૦ ૨૫૧૭૮
ગોવિંદભાઈ મકવાણા - મો. ૯૪૨૭૯ ૩૫૨૮૦,
ઓનલાઈન બુકિંગ માટે :- jaymatajitourandtravel.com

અમરેલી જિલ્લામાં એકમાત્ર...
LIC
સતત 5th Times
C.O.T. 2024
CORPORATE CLUB MEMBER
સતત ૧૩ વર્ષથી M.D.R.T.
મનિષભાઇ એસ.ભટ્ટ
૯૮૨૪૨ ૫૬૧૫૮

Jaya Art & Culture
ગર્લ્સ સ્કૂલના મેદાનમાં ,નાગનાથ મંદિર પાસે , અમરેલી
તા. ૩૧/૧૨, રવિવાર સુધી જ
સમીર પટેલ પ્રસ્તુત
મેજીક ઓફ ઇન્ડિયા
દરરોજ રાત્રે ૯:૩૦ કલાકે
: દર રવિવારે બે શો :
સાંજે ૬ અને રાત્રે ૯:૩૦ કલાકે
ટીકીટના દર : વી.આઇ.પી. રૂા. ૧૫૦
ફર્સ્ટ કલાસ રૂા. ૧૦૦ - સેકન્ડ કલાસ - રૂા. ૭૦
અલ્ટ્રા લેસર લાઇટ્સ ઇફેક્ટ, અદ્યતન સાઉન્ડ સીસ્ટમ, શહેનશાહી પોષાક અને અતિ વિશાળ કાફલા સાથે સતત આશ્ચર્ય અને આનંદ આપતું નિર્દોષ પારિવારિક મનોરંજન માણવા સહકુટુંબ પધારો..
: સ્થળ ઉપર એડવાન્સ બુકિંગનો સમય :
સાંજે ૪ થી ૬ તથા રવિવારના શો નું બુકિંગ બપોરના ૨:૦૦ થી ૫:૦૦ સુધી
ઠંડી ના લાગે તેવા તંબુમાં નિહાળો...
જાદુગર તેજા
જાદુગર વૈતાલ
મહેશ ગ્રાફિક્સ - 94277 44334
ગ્રુપ શો, ચેરીટી શો તેમજ સામાજિક સંસ્થાના શો માટે સંપર્ક કરો.
મો. ૭૩૫૯૮ ૦૦૧૪૧
બહારગામથી ૧૫ પેસેન્જર લઈ આવનાર વાહનના ડ્રાઇવરને ફ્રી પ્રવેશ આપવામાં આવશે.

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહીં
શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ...
100 - 150 200 - 300 લીટર માં ઉપલબ્ધ
૧૦૦% ફુડ ગ્રેડ મટીરીયલ્સ
500 થી10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
14 વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૦૯૬ ૦૯૬૯૬

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
(જાંગરવાળા)
जिस दिन हम ये *समझ* जायेंगे कि
सामने वाला *गलत* नहीं है सिर्फ
उसकी *सोच* हमसे अलग है
उस दिन *जीवन* से
*दुःख* समाप्त हो जायेंगे।
લાઇવ ૨૨ કેરેટ દાગીનાનો
ભાવ જાણવા મીસ કોલ કરો
9555811166
એ -૧૯, ઈન્દિરા માર્કેટ, અમરેલી
ph.No.(02792)223770/226868

## મુઠી ઉંચેરા માનવી શ્રી મુકેશ સંઘાણીના જન્મદિન નિમિતે વિવિધ સંસ્થાઓની સેવા જયોત

# જિલ્લાભરમાં શ્રી મુકેશ સંઘાણીનો જન્મદિન સેવાકાર્યો સાથે ઉજવાયો

### અત્યંત ખર્ચાળ એવા કેન્સર ચેકઅપ તેમ સાથે જન્મદિવસની ઉજવણી કરાઇ : નિદાન કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોએ સેવા આપી

### શહેરના ગાયત્રી મંદિર વિસ્તારમાં એજયુકેશન કિટનું વિતરણ કરાયું

### અમરેલી ટાવર ચોક, વેપારી એસોસિયેશન, વેપારી મહામંડળ, રોટરી કલબ (ગીર), રોટરી કલબ અમરેલી (મેઇન)નું સંયુકત આયોજન

### લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ, સરદારધામ, ખોડલધામ મહિલા સમિતિ દ્વારા ભોજન, રાશનકિટ વિતરણ સહિતના સેવા કાર્યો સાથે ઉજવણી કરાઇ



અમરેલી, ટાવર ચોક વેપારી એશો., વેપારી મહામંડળ, રોટરી કલબ ઓફ અમરેલી(ગીર), રોટરી કલબ ઓફ અમરેલી (મેઈન)દ્વારાવિવિધસેવાકાર્યો આધ્યાત્મીક મેળા, ગણેશ ઉત્સવ અને અનેકવિધ સેવા પ્રવૃતિનું અમરેલી સ્થિત ચાલક બળ એટલે મુકેશ સંઘાણી, આવા મુઠી ઉચેરા માનવી ૫૧-વર્ષમા પ્રવેશતા હોઈ, સમગ્ર અમરેલી શહેરમા ઉત્સાહ છવાયો હતો જેમા અનેક સંસ્થાઓએ પોતાની આગવી શૈલી રીતે સેવાકાર્ય થી મુકેશ સંઘાણીના જન્મ દિવસને અનોખી રીતેઉજવ્યોહતોજેમા.ટાવરચોકવેપારી એશોસીએશનારાઅશક્તલોકોનેટીફીન ભોજન સેવા પુરી પાડતી શ્રવણ પ્રસાદ સેવા કેન્ના માધ્યમ થી ટીફીન સેવા આપવામાઆવેલ,વેપારીમહામંડળારા ચિતલ રોડસ્થિત અંધશાળાનિવાસીઓને સાંજનુંભોજનપીરસવામાઆવેલતેમજ બાળ વાત્સલ્ય કેન્મા નાસ્તો કરાવવામા આવેલ, રોટરી કલબ ઓફ અમરેલી(ગીર) દ્વારા અનુક્રમે બહેરા-મુંગાશાળામાંહેલ્થચેકઅપકેમ્પ,સવારનો નાસ્તો, સગર્ભા રાશન કીટ વિતરણ અને અત્યંત આર્થીક ખર્ચાળ એવી કેન્સર તપાસણી ચેકઅપ અંગેની સારવાર-જાગૃતિ માર્ગદર્શન કાર્યક્રમ યોજાયેલ, રોટરી કલબ ઓફ અમરેલી(મેઈન)ારા શહેરના ગાયત્રી મંદિર વિસ્તાર ખાતે એજયુકેશન કીટ વિતરણ સાથેના અનેક વિધ આયોજનો કરવામા આવેલ હતા તેમ સંસ્થાઓની સંયુક્ત યાદીમા જણાવાયેલ છે. અમરેલીના અગ્રેસર યુવા આગેવાન સેવાકાર્યના પ્રહરી મુકેશ સંઘાણીના ૫૧-મા જન્મ દિવસને અમરેલી ખાતે અનેક સંસ્થાઓએ લોકસેવાના કાર્યોથી ઉજવીને સેવાના માનવી મુકેશ સંઘાણી પ્રતિકૃતજ્ઞતા વ્યક્ત કરી છે જેમાં શ્રી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ ારા હનુમાન પરાના રેલ્વે કોસીગ પાસે ભુલકાઓને બટુક ભોજન પીરસવામાઆવેલ,સરદાર ધામ સંસ્થા દ્વારા અમરેલીના મણિનગર વિસ્તાર સ્થિતમાનસિકવિકાસકેન્માનિવાસકરતા લોકોને બપોરનું આત્મીય ભોજન કરાવવામા આવેલ તેમજ કુકાવાવ રોડ ઉપર ધાબળા વિતરણ કરવામા આવેલ જયારે અમરેલી જીલ્લા ખોડલ ધામ મહિલા સમિતિ દ્વારા વિધવા બહેનોને રાશન કીટ અર્પણ કરવામા આવી હતી આમ વિવિધ માનવસેવાક્યિ પ્રવૃતિ સાથે મુકેશ સંઘાણીના જન્મ દિવસને યાદગાર બનાવવામા આવેલ, આ તકે ઉપસ્થિત સંસ્થાના આગેવાનોએ પણ મુકેશ સંઘાણીની માનવ સેવાની સરાહના સાથે અભિનંદન પાઠવ્યા હતા તેમ સંસ્થાઓની અખબારી યાદીમા જણાવાયેલ છે.

## તા. ૨૯ અને ૩૦ મીએ ભાજપની પ્રદેશકક્ષાની બેઠક મળશે

### પ્રદેશ બેઠકમાં શ્રી સી. આર. પાટીલ સહિતની ઉપસ્થિતિ



અમદાવાદ,ભારતીયજનતાપાર્ટીગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, દેશમાં લોકસભાની ચૂંટણી આવી રહી છે જે સંદર્ભે ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના આવનાર કાર્યક્રમો તેમજ પ્રદેશની બેઠક અંગે આજરોજપ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઈ પટેલે પત્રકારોને સંબોધન કર્યુ હતું. આ પ્રેસ કોન્ફરન્સમાં પ્રદેશના મહામંત્રીશ્રી વિનોદભાઈ ચાવડા, પ્રદેશના પ્રવકતાશ્રી યમલભાઈ વ્યાસ અને પ્રદેશ મીડિયા વિભાગના કન્વીનરશ્રી ડો.યજ્ઞેશભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતા. પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઈ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, ટુંકસમયમાં દેશમાં લોકસભાની ચૂંટણી આવી રહી છે. લોકસભા ચૂંટણી સંદર્ભે પક્ષની તૈયારીઓના ભાગરૂપે એક મહત્વની બેઠક પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની અધ્યક્ષતામાં તેમજ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી. કેન્દ્રીય મહામંત્રીશ્રી અને રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ૨૯ ડિસેમ્બરના રોજ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે યોજાશે. આ બેઠક સવારે ૯.૩૦ કલાકે યોજાશે. બેઠકમાં કાર્યકર્તાઓને લોકસભાની ચૂંટણી અંગે મહત્વનું માર્ગદર્શન તેમજ કેન્દ્ર સરકાર અને રાજય સરકારે કરેલા કામે જન જન સુધી કેવી રીતે પહોંચાડવું સહિતના વિષયો પર માર્ગદર્શન આપવામાં આવશે. આ બેઠકમાં પ્રદેશના પદાધિકારીશ્રીઓ, જિલ્લાના પ્રમુખશ્રીઓ, જિલ્લના પ્રભારીશ્રીઓ,પ્રવકતા અને સહ પ્રવકતાશ્રીઓ ઉપસ્થિત રહેશે તેમજ ૩૦મી ડિસેમ્બરના રોજ પ્રદેશના સંયુક્ત મોરચાની બેઠક યોજાનાર છે. આ બેઠકમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની અધ્યક્ષતામાં અને કેન્દ્રીય મંત્રીશ્રી રત્નાકરજીની ઉપસ્થિતિમાં યોજાશે જેમાં વિવિધ મોરચાના પ્રદેશના પદાધિકારીશ્રીઓ તેમજ ગુજરાતના રાષ્ટ્રીય પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહી કાર્યકર્તાઓને લોકસભાની ચૂંટણી અંગે માર્ગદર્શન આપશે.






## બાબાપુરમાં નાગવાડીએ સંતવાણી કાર્યક્રમ યોજાશે

### ભક્તજનો દ્વારા સંતવાણી કાર્યક્રમનું આયોજન

બાબાપુર, (હસમુખ રાવલ) અમરેલીના બાબાપુર ભંડારીયા પાસે આવેલ નાગવાડીમાં તા.૧-૧-૨૪ને સોમવારે રાત્રે સંતવાણી કાર્યક્રમ યોજાશે જેમાં ગાયકશ્રી સમરથસિંહ સોઢા, ઈશ્વરભાઈ ભલાણી, મિલન સોલંકી અને પ્રશાંત સોની ગૃપ સંતવાણીની જમાવટ કરશે તેનો લાભ લેવા મહંતશ્રી ભીખુગીરીબાપુએ જણાવ્યું છે.

## ધો.૧૦-૧૨ના વિદ્યાર્થી પુરક પરિક્ષા આપી શકશે

### આગામી જુન-જુલાઇમાં પુરક પરિક્ષા લેવાશે

અમરેલી,ધો.૧૦માં ૩ વિષયમાં અને ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૨ વિષયમાં નપાસ થનાર તથા ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં તમામ વિષયમાં નાપાસ થનાર વિદ્યાર્થીઓ જુન- જુલાઈ માસમાં લેવાનાર પુરક પરીક્ષા આપી શકશે તેમ શિક્ષણ સુત્રોએ જણાવ્યું છે.

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગે નવા નિયમો પરિપત્રથી જાહેર કર્યા

### દરેક જિલ્લા શિક્ષણ અધિકારીઓને પરિપત્ર મુજબ આદેશ

અમરેલી,રાજયના માધ્યમિક ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પરિક્ષા વિનિમય સુધારા અંગે દરેક જિલ્લા શિક્ષણ અધિકારીઓને પરિપત્રથી જાણ કરી છે અને બોર્ડની પરિક્ષામાં સુધારા અંગે પુરક પરિક્ષા અંગે જરૂરી નિયમો બોર્ડ દ્વારા તૈયાર કરવામાં આવેલ તે મુજબ માર્ગદર્શન આપ્યું હતું બોર્ડની વેબસાઈટમાં પણ પુરક પરિક્ષાના આવેદન પત્રોની વ્યવસ્થા કરી છે. તેમ પરિક્ષા નિયામક ગાંધીનગર દ્વારા જણાવાયું છે.

## ખાંભાના ડેડાણ ગામે વિકસિત ભારત સંકલ્પ યોજના યાત્રા અને સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

### ડેડાણ આસપાસનાં ૨૭ ગામોને જોડતો સેવાસેતુ કાર્યક્રમ



ડેડાણ, (બહાદુરઅલી હિરાણી) તારીખ ૨૮/૧૨ના રોજ મામલતદાર શ્રી તેમજ તાલુકા વિકાસ અધિકારી શ્રી આઈસીડીએસ જીએબી ખાંભાના અધિકારી ખાંભા પોલીસ સ્ટાફ. તેમજ ડેડાણ રાજવી પરોવાર ના હિતેન્દ્રભાઈ કોટીલા.ડેડાણ ગામના સરપંચ શ્રી ઉપસરપંચ શ્રી આચાર્યશ્રી તમામ તલાટી મંત્રીશ્રીઓ. પશુપાલક ગ્રામ સેવક વાસમ યોજના ના અધિકારી શ્રી તુષારભાઈ મહેતા ખેતીવાડી અધિકારી શ્રી આંગણવાડી હેલ્પર તેમજ વર્કર સહિત જુદા જુદા વિભાગના અધિકારીશ્રીઓ કર્મચારીઓ હાજર રહી સરકારશ્રી યોજના અને યોજના કી બાબતોનો ડેડાણ ગામે કુલ ૨૭ ગામોને જોડી સંયુક્ત રીતે સેવાસેતુ કાર્યક્રમ યોજી બહોળી સંખ્યામાં ડેડાણ સહિત આજુબાજુના ૨૭ ગામના લોકોએ લાભ લીધેલ છે તેવી શ્રી કાપડીની યાદીમાં જણાવેલ છે

### સારહિ તપોવન આશ્રમના સ્વપ્નદ્રષ્ટા મુકેશભાઈ સંઘાણી સંકલ્પ અનુસાર

## અમરેલી સારહિ તપોવન આશ્રમે ગાયત્રી યજ્ઞમાં આહુતિ આપતા બ્રહ્મ સમાજના તેજસભાઈ ત્રિવેદી અને પરિવાર

### ગાયત્રી જ્ઞાન મંદિર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી પરિજનોના સહયોગથી આયોજન



અમરેલી,સારહિ તપોવન આશ્રમ ખાતે તેમનાં સ્વપ્ન દ્રષ્ટા - લોક સેવક શ્રી મુકેશભાઈ સંઘાણી નાં સંકલ્પ અનુસાર બની રહેલા,તપોવન આશ્રમ નું નિર્માણ કાર્ય થાય ત્યાં સુધી દર રવિવારે ગાયત્રી યજ્ઞ કરવામાં આવે છે, તેમાં આજ રોજ તા.૨૪/૧૨/૨૦૨૩ નાં રોજ શ્રી તેજસભાઈ ત્રિવેદી નાં સહ પરિવાર ને ગાયત્રી યજ્ઞ મા બેસવાનો લાભ મળ્યો અને યજ્ઞ વિધી કરી.ગાયત્રી જ્ઞાન મંદિર ટ્રસ્ટ અમરેલી નાં પરિજનો શ્રી બીપીનભાઈ ભરાડે ગાયત્રી યજ્ઞ કરાવ્યો આ તકે નગર પાલિકા નાં કારોબારી ચેરમેન શ્રી મનીષભાઈ ધરજીયા, દંડક શ્રી દિલાભાઈ વાળા, શિક્ષણ સમિતિ નાં ચેરમેન શ્રી તુષારભાઈ જોષી, નગર પાલિકા પૂર્વપ્રમુખ પ્રતિનિધિ શ્રી ચંદુભાઈ રામાણી, સારહી પરિવાર નાં પદાધિકારીશ્રી હરિભાઈ બાંભરોલિયા, શ્રી વી.પી. માંગરોલિયા, શ્રી ચીમનભાઈ પટોળિયા સહિત ના પદાધિકારી શ્રીઓ ઉપસ્થિત રહ્યા સારહી પરિવાર વતી હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ હતાં તેમ સંસ્થાની યાદીમાં જણાવેલ છે.

### નાના મુંજીયાસર ગામ પરીવાર સુરત દ્વારા

## સુરતમાં નાનામુંજીયાસરના લોકોનું સ્નેહમિલન યોજાશે

### કાર્યક્રમમાં માતૃવંદના અને દિકરી સત્કાર સમારોહ તેમજ રાસગરબાનું આયોજન

અમરેલી,નાના મુંજીયાસર ગામ પરીવાર સુરત આયોજીત સુર્યમુખી હનુમાનદાદાની કૃપાથી તથા વડીલ આપ્તજનોની પ્રેરણા અને સૌજન્યથી તા. ૩૦-૧૨ શનિવારના ૯ મો સ્નેહ મિલન સમારોહ ૨૦૨૩ અંતર્ગત માતૃવંદના સમારોહ તથા દિકરી સત્કાર સમારોહ યોજાશે.નાના મુંજીયાસર ગામના માતા વડીલ અને ગામડેથી સુરત બોલાવી સન્માન કરાશે.નંદફાર્મ આનંદધારા સોસાયટીની પાછળ મોટા વરાછા સુરત સાંજે ૪:૦૦ થી રાત્રિના ૧૦:૦૦ સુધી કાર્યક્રમ યોજાશે.કાર્યક્રમના અંતે ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે.

### અવસાન નોંધ

ખાંભા

ખાંભા નિવાસી તથા નિવૃત્ત ટી.ડી.ઓ.જનકભાઈ વૃજલાલભાઈ ભટ્ટનું તા.૨૮.૧૨.૨૦૨૩ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે (આનંદભાઈ ભટ્ટના પિતાશ્રી )સદગત ની સ્મશાન યાત્રા સવારે ૯:૦૦ (નવ) કલાકે તેમના નિવાસ સ્થાન(આશ્રમ પરા)ખાંભાથી રાખેલ છે.

### નામ બદલાવેલ છે

આથી હું સોગંદ પુર્વક જણાવુ છુ કે મારૂ જુનુ નામ છાયાણી રવિ રમેશભાઇ હતુ તે બદલીને નવુ નામ છાયાણી રવિભાઇ રમેશભાઇ રાખેલ છે. જેની સર્વોએ નોંધ લેવી.

સહી : છાયાણી રવિભાઇ રમેશભાઇ

સરનામું : દ્વારકેશ રેસીડેન્સી, બી-૩, અમરેલી રોડ, બાબરા - ૩૬૫૪૨૧

તા.૨૯-૧૨-૨૦૨૩










### જાહેર નોટીસ કમ ચેતવણી



આથી અમો મનહરભાઈ નારણભાઈ લિંબડીયા રહે બગસરા તા. બગસરા જી. અમરેલી વાળા આથી જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, આ સાથે ફોટાવાળો અમારો પુત્ર નામે ચિરાગભાઈ મનહરભાઈ લીંબડીયા જે અમારા કહ્યામાં નથી તેમની સાથે અમારે છેલ્લા પાંચ વર્ષથી અલગ હોઈ અને તેનો હક હિસ્સો સંપૂર્ણ આપી દીધેલ હોઈ તો અમારા નામે કે અમારા વતી કોઈ પણ જાતનો વ્યવહાર કરવો નહિ અને છતાં કોઈ વ્યવહાર કરશે તેની જવાબદાર અમારી કે અમારા પરિવારની રહેશે નહિ કોઈપણ પ્રકારનો વ્યવહાર કરે કોઈ તો તેની સંપૂર્ણ જવાબદારી વ્યવહાર કરનાર ની રહેશે.

સ્થળ:- બગસરા

લી. મનહરભાઈ નારણભાઈ લિંબડીયા

### જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર શ્રી ઉમ્મીદ આઇ.બ્લોચ (એડવોકેટ) રહે.ધારી, તા.ધારી, જી.અમરેલી ના જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, મોજે ધારગણી, તા.ધારી, જી.અમરેલી, રાજ્ય ગુજરાત એ ગામની ખેતીની જમીન ખાતા નં. ૧૦૨૧, સર્વે નં.૩૪૦ પૈકી ૨ / પૈકી ૨, હે.આરે.ચો.મી. ૩-૧૮-૬૯ વાળી જમીનનાં માલીક શારદાબેન માધુભાઇ બોરીચા પાસેથી અમારા અસીલ મુકેશભાઇ શાંતીલાલ પંડયા રહે.કુહા, તા.દસકોઇ, જી.અમદાવાદ વાળા ખરીદવા માંગે છે. આથી જાહેર નોટીસ આપી જાહેર જનતાને તથા લાગતા વળગતા સર્વોને જણાવવાનું કે સદરહુ ખેતીની જમીન બાબતમાં હરકોઇનો કશો લાગ - ભાગ, હકક, હિત કે હિસ્સો હોય અગર તો કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો કે તકરાર કે કોઇપણ પ્રકારનું સરકારી, સહકારી બેંક, મંડળીનું કે અન્ય ખાનગી વ્યક્તિનું કોઇપણ લ્હેણુ બાકી હોય તો અગર અન્ય બીજા કોઇ માલીકી હકક દાવા, ગણોત હકક હોય તો તે અંગેના જરૂરી તમામ દસ્તાવેજ આધાર પુરાવા આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં નીચે લખેલ સરનામે લેખીતમાં રજીસ્ટર એડી. પોસ્ટથી મોકલાવવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં કસુર થશે તો કોઇને કોઇપણ પ્રકારનો વાંધો નથી અને અથવા આવા હકકો હોય તો તે જતા કર્યા છે એટલે કે વેવ કરેલ છે તેમ ગણી મુદત વિત્યે અમારા અસીલ ઉપરોક્ત વિગતોની ખેતીની જમીન ખરીદ કરવા સોદો ચોક્કસ કરી અને તેનો કાયદેસરનો પાકો અઘાટ વેચાણ દસ્તાવેજ કરાવી લઇ નોંધાવરાવી લેશે તેની સ્પષ્ટ નોંધ લેવા વિનંતી છે. મુદત બાદ આવેલ કોઇપણ વાંધા તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની આથી જાહેર લાગતા વળગતા સર્વોએ નોંધ લેવા વિનંતી છે.

સ્થળ : ધારી

તારીખ : ૨૮-૦૬-૨૦૨૩

અસીલની સુચનાથી ઉમ્મીદ આઇ.બ્લોચ (એડવોકેટ)
ઠે.ધારી, એસ.ટી. ડેપો સામે, ધારી, જી.અમરેલી
મો.નં.૮૪૬૦૧ ૫૨૭૨૪


**પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન**

**ઈ-હરાજી આમંત્રણ નોટિસ**

ફાઇલ નં. WR-RJT0COMM(EARN)/49/2022-O/o SR DCM/RJT/WR; સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરની ઓફિસ, ડી.આર.એમ. ઓફિસ, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ – 360001; ટેન્ડર નોટિસ નં. CA 11/E-auction/Advt./23/11 તારીખ 22/12/2023; રાજકોટ ડિવિઝનના વિવિધ સ્થળોએ હોર્ડિંગ્સ/બોર્ડ, પેસેન્જર એનાઉન્સમેન્ટ સિસ્ટમથી જિંગલ દ્વારા એડવર્ટાઇઝીંગ તથા પેકિંગ સર્વિસીસ, કિઓસ્ક અને પાર્કિંગ લોટના કોન્ટ્રેક્ટ માટે http://www.ireps.gov.in પર ઇ-હરાજી માટેની ટેન્ડર નોટિસ.

| અ. નં. | લોટ નંબર / કેટેગરી | વર્ણન | હરાજીની તારીખ અને સમય | કોન્ટ્રેક્ટનો સમયગાળો |
|---|---|---|---|---|
| AA/1 | ADVT-RJT-RJT-OH-76-23-1 | એકાઉન્ટ ઓફિસ પાસે, કોઠી કમ્પાઉન્ડ – રાજકોટ ખાતે. હોર્ડિંગ બોર્ડ (ફ્રન્ટલીટ / બેકલીટ) ના ડિસ્પ્લે માટે બલ્ક એડવર્ટાઇઝમેન્ટ કોન્ટ્રેક્ટ. | 08/01/2024 10:00 થી 10:30 | 05 વર્ષ |
| AA/2 | ADVT-RJT-BKNG-OH-77-23-1 | ભક્તિનગર સ્ટેશન અને લક્ષ્મીનગર અંડરબ્રિજ – રાજકોટ વચ્ચે ગ્લોસાઇન બોર્ડના ડિસ્પ્લે માટે બલ્ક એડવર્ટાઇઝમેન્ટ કોન્ટ્રેક્ટ. | 08/01/2024 10:00 થી 10:40 | 05 વર્ષ |
| AA/3 | ADVT-RJT-BKNG-OH-80-23-1 | ભક્તિનગર સ્ટેશનથી લક્ષ્મીનગર અંડરબ્રિજ રોડ (જનરલ બિપિન રાવત અંડરબ્રિજ) – રાજકોટ ખાતે ગ્લોસાઇન ગેન્ટ્રી બોર્ડના ડિસ્પ્લે માટે બલ્ક એડવર્ટાઇઝમેન્ટ કોન્ટ્રેક્ટ | 08/01/2024 10:00 થી 10:50 | 05 વર્ષ |
| AB/1 | ADVT-RJT-JAM-OSD-79-23-1 | રાજકોટ ડિવિઝનના સુરેન્દ્રનગર, વાંકાનેર, જામનગર, દ્વારકા, ખંભાળિયા, હાપા, ઓખા, મોરબી, થાન અને ભક્તિનગર સ્ટેશનો પર પેસેન્જર એનાઉન્સમેન્ટ (PA) સિસ્ટમ દ્વારા જિંગલ સ્વરૂપે કોમર્શિયલ એડવર્ટાઇઝમેન્ટના ઓડિયો એનાઉન્સમેન્ટના કામ માટે કોન્ટ્રેક્ટ | 08/01/2024 10:00 થી 11:00 | 05 વર્ષ |
| BA/1 | MSS-RJT-JAM-TWnOPS-4-23-1 | જામનગર સ્ટેશનની પાર્સલ ઓફિસ ખાતે ફેસિલિટેશન કાઉન્ટર સ્થાપીને ટુ વ્હીલર અને પાર્સલ/લગેજના પેકેજ માટે પેકિંગ સેવાઓની જોગવાઇ. | 08/01/2024 10:00 થી 11:10 | 03 વર્ષ |
| BA/2 | MSS-RJT-RJT-TWnOPS-3-23-1 | રાજકોટ સ્ટેશનની પાર્સલ ઓફિસ ખાતે ફેસિલિટેશન કાઉન્ટર સ્થાપીને ટુ વ્હીલર અને પાર્સલ / લગેજના પેકેજ માટે પેકિંગ સેવાઓની જોગવાઇ. | 08/01/2024 10:00 થી 11:20 | 03 વર્ષ |
| BB/1 | MSS-RJT-RJT-Hlthk-5-23-1 | રાજકોટ રેલવે સ્ટેશન પર હેલ્થ કિઓસ્કના ઇન્સ્ટોલેશન, મેન્ટેનન્સ અને ઓપરેશન માટે કોન્ટ્રેક્ટ. | 08/01/2024 10:00 થી 11:30 | 03 વર્ષ |
| BB/2 | MSS-RJT-JAM-Hlthk-6-23-1 | જામગર રેલવે સ્ટેશન પર હેલ્થ કિઓસ્કના ઇન્સ્ટોલેશન, મેન્ટેનન્સ અને ઓપરેશન માટે કોન્ટ્રેક્ટ. | 08/01/2024 10:00 થી 11:40 | 03 વર્ષ |
| CA/1 | PARKING-RJT-RJT-MX-15-23-1 | અમીન માર્ગ એલસી 8-રાજકોટની નજીકના સ્થળે ટુ વ્હીલર, થ્રી વ્હીલર્સ અને ફોર વ્હીલર્સ માટે પાર્કિંગ લોટ માટે કોન્ટ્રેક્ટ. | 08/01/2024 10:00 થી 11:50 | 03 વર્ષ |

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઈમ્સ
તા.૨૯-૧૨-૨૦૨૩ શુક્રવાર

# ફારૂક અબ્દુલ્લાને હજુ આજેય પાકિસ્તાન સિવાય કંઈ દેખાતું નથી, જેલમાં જવું પડશે

ભારતમાં કેટલાક નમૂના એવા છે કે જે ખાય છે તો ભારતનું પણ ભારતનું ખોદવામાં કોઈ કસર રાખતા નથી. એ લોકો મોં ખોલે ત્યારે મોટા ભાગે કંઈક ને કંઈક અવળવાણી જ નીકળતી હોય છે. જમ્મુ-કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારૂક અબ્દુલ્લા આવા નમૂનાઓમાંથી એક છે. ફારુક અબ્દુલ્લાએ મોટું કાશ્મીર મુદ્દે ફરી ભારત-પાકિસ્તાન મંત્રણાની તરફેણ કરીને કહ્યું છે કે. ભારત અને પાકિસ્તાન વચ્ચે કાશ્મીર મુદ્દે વાતચીત નહીં થાય અને કોઈ ઉકેલ નહીં શોધાય તો આપણી દશા પણ ગાઝા અને પેલેસ્ટાઈન જેવી થઈ જશે.

ગાઝા અને પેલેસ્ટાઈન પર ઈઝરાયલ દ્વારા બોમ્બમારો થઈ રહ્યો છે એ રીતે પાકિસ્તાન પણ ભવિષ્યમાં કાશ્મીર પર બોમ્બમારો કરતું હશે એવું આડકતરી રીતે ફારૂક અબ્દુલ્લાએ કહી દીધું છે. અબ્દુલ્લા નાટકબાજીમાં પાવરધા છે તેથી એવું પણ કહી દીધું કે, મને કહેતા દુઃખ થાય છે કે આપણે પણ ગાઝા અને પેલેસ્ટાઈન જેવા જ ભવિષ્ય તરફ ધકેલાઈ જઈશું. આજે ઈઝરાયલ દ્વારા બોમ્બમારો થઈ રહ્યો છે એ રીતે કાશ્મીરમાં પણ કંઈપણ થઈ શકે છે, ફક્ત અલ્લાહ જ જાણે છે કે આપણું શું થશે, અલ્લાહ અમારા પર દયા કરો.

ફારૂક અબ્દુલ્લાએ આ જ્ઞાનની સરવાણી ગયા સપ્તાહે પૂંછમાં થયેલા આતંકવાદી હુમલાના સંદર્ભમાં વહાવી છે. ૨૧ ડિસેમ્બરે સાંજે લગભગ પાંચ વાગ્યે રાજૌરી-પૂંચ સેક્ટરના સુરનકોટ વિસ્તારમાં આતંકવાદીઓએ ભારતીય લશ્કરનાં બે વાહન પર હુમલો કરતાં ચાર જવાન શહીદ થયા હતા અને ત્રણ ઘાયલ થયા હતા. ભારતીય લશ્કરનાં વાહનો આતંકવાદીઓના સફાયો કરવા માટેના ઓપરેશન માટે જઈ રહ્યાં હતાં ત્યારે થયેલા હુમલામાં ત્રણ નાગરિકે પણ જીવ ગુમાવ્યા છે.

ભૂતપૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીનો ૨૫ ડિસેમ્બરે જન્મદિવસ હતો. ફારૂક અબ્દુલ્લાએ મોકાનો લાભ લઈને વાજપેયીને પણ યાદ કરી લીધા ને કહી દીધું કે, વાજપેયીજીએ કહ્યું હતું કે મિત્રો બદલી શકાય છે પણ પાડોશી બદલી શકાતા નથી. આપણે આપણા પડોશીઓ સાથે સારી રીતે રહીશું તો બંને દેશ પ્રગતિ કરશે પણ દુશ્મનાવટને પોષીશું તો આગળ વધી શકવાના નથી. અબ્દુલ્લાના દાવા પ્રમાણે વડા પ્રધાન મોદી પણ એ જ કહે છે કે, યુદ્ધ હવે કોઈ વિકલ્પ નથી અને મુદ્દાઓને વાતચીતથી ઉકેલવા પડશે પણ વાતચીત ક્યાં થઈ રહી છે?

વેલ, ફારૂક અબ્દુલ્લાએ કાશ્મીરની હાલત પણ ગાઝા અને પેલેસ્ટાઈન જેવી થશે તેની વાત કરી છે તેનો પહેલાં જવાબ આપી દઈએ. ગાઝા-પેલેસ્ટાઈન અને ઈઝરાયલની સમસ્યા અલગ છે ને બંનેની સરખામણી ના થઈ શકે પણ ફારૂકને લાગતું હોય કે, ભવિષ્યમાં પાકિસ્તાન કાશ્મીરમાં બોમ્બમારો કરશે ને આપણે હાથ પર હાથ મૂકીને બેસ રહીશું તો ફારૂકે તેમના મગજનો ઈલાજ કરાવવો જોઈએ.

પાકિસ્તાન ભારત પર બોમ્બ ફેંકે ને ભારત કશું કર્યા વિના બેસી રહે એટલું નબળું ૧૯૪૭માં પણ નહોતું ને અત્યારે ૨૦૨૩માં પણ નથી. ભારતે ૧૯૪૭માં પણ પાકિસ્તાનના આક્રમણનો તેની જ ભાષામાં જવાબ આપીને પાકિસ્તાનીઓને ઊભી પૂંછડીએ ભાગવાની ફરજ પાડેલી જ. જે ભૂલ થઈ એ રાજકારણીઓએ કરી, બાકી ભારતીય લશ્કરની મર્દાનગી એ વખતે પણ શંકાથી પર હતી ને આજે પણ શંકાથી પર છે.

આ મર્દાનગીનો પરચો પાકિસ્તાનને ૧૯૬૫, ૧૯૭૧ અને ૧૯૯૯માં મળેલો જ છે. આઝાદી પછીનાં ૨૫ વર્ષમાં પાકિસ્તાનનાં બે ઊભાં ફાડિયાં થઈ ગયાં એ ભારતને કારણ જ શક્ય બન્યું. ભારતીય આર્મી આજે પણ એ પરાક્રમ કરી જ શકે છે ને પાકિસ્તાનનાં બે નહીં પણ ચાર ફાડિયાં કરી શકે છે. ટૂંકમાં પાકિસ્તાન ભારતના જમ્મુ અને કાશ્મીર પર બોમ્બમારો કરે ને ભારત ચૂપચાપ તમાશો જોઈ રહેશે એ વાતમાં માલ નથી. પાકિસ્તાનમાં ઘૂસીને પાકિસ્તાનીઓને મારશે. ને જ્યાં સુધી અલ્લાહની મહેરબાનીનો સવાલ છે, અલ્લાહે પહેલાં જ તમારા પર દયા કરી દીધી છે ને એટલે જ તમે ભારત સાથે છો.

ફારૂકે ભારત અને પાકિસ્તાન વચ્ચે મંત્રણાની તરફેણ કરી છે પણ સવાલ એ છે કે, મંત્રણાથી દૂર કોણ ભાગી રહ્યું છે? ભારતે તો વારંવાર પાકિસ્તાન સામે દોસ્તીનો હાથ લંબાવ્યો છે પણ પાકિસ્તાન જ પોતાની હરકતોથી દોસ્તીના હાથને ઝાટકી નાંખે છે. વાજપેયીજીએ પાકિસ્તાન સાથે દોસ્તીનો હાથ લંબાવેલો ને બસ ભરીને પાકિસ્તાન ગયેલા. પાકિસ્તાને તેનો બદલો કારગિલમાં હુમલો કરીને આપ્યો. નરેન્દ્ર મોદી પોતે ૨૦૧૫માં સામે ચાલીને નવાઝ શરીફને મળવા માટે પાકિસ્તાન ગયેલા. વગર નિમંત્રણે મોદી પાકિસ્તાન ગયેલા ને સામેથી દોસ્તીની પહેલ કરેલી. પાકિસ્તાને તેના બદલામાં ઉરી અને પઠાણકોટમાં હુમલા કર્યા. પાકિસ્તાનની આ હરકતો પછી પણ આપણે વાતચીતની પિપૂડી વગાડ્યા કરીએ તો એ નામર્દાનગી કહેવાય. ભારતે એવા નામર્દ બનવાની જરાય જરૂર નથી.

ફારૂક ડહાપણ ડહોળે છે કે. યુદ્ધ એ કોઈ સમસ્યાનો ઉકેલ નથી એ વાત સાચી છે પણ તેમણે યુદ્ધ કોણ કરી રહ્યું છે તેની વાત કરવી જોઈએ. ભારત તો યુદ્ધ કરી જ રહ્યું નથી. યુદ્ધ પાકિસ્તાન કરી રહ્યું છે, આતંકવાદીઓને ભારતમાં ઘૂસાડીને અને ભારતીય જવાનો તથા નાગરિકોની હત્યા કરીને પાકિસ્તાન યુધ્ધ કરી રહ્યું છે, આતંકવાદીઓના ખભે બંદૂક મૂકીને પ્રોક્સી વોર ચલાવી રહ્યું છે. પાકિસ્તાન જે દિવસે આ પ્રોક્સી વોર બંધ કરી દેશે એ દિવસે બધું સરખું થઈ જશે. બલ્કે વાતચીતની પણ જરૂર નહીં પડે ને આપોઆપ બધા પ્રશ્નો ઉકેલાઈ જશે.

અત્યારે જે માહોલ છે એ જોતાં ભારતે પાકિસ્તાન સાથે વાતચીત કરવાની નહીં પણ જડબાતોડ જવાબ આપવાની જરૂર છે. પાકિસ્તાનના પીઠ્ઠુ આપણા જવાનો અને નાગરિકોને મારે છે એ સહન કરી શકાય તેમ નથી એ જોતાં ભારતે પાકિસ્તાન સાથે વાતચીત નહીં કઈ રીતે કરી શકાય એ વિશે નહીં પણ પાકિસ્તાનને પાંસરું કઈ રીતે કરી શકાય એ વિચારવાની જરૂર છે. ભારતને કનડતા આતંકીઓના નેટવર્કને કઈ રીતે રફેદફે કરીને કાયમ માટે આ કંકાસનો કાંટો કાઢી શકાય ને કાશ્મીરમાં કાયમ માટે શાંતિ સ્થાપી શકાય એ વિશે વિચારવાની જરૂર છે.

# ખાંભા નજીક આવેલા નવા માલકનેસ ગામે સગીરાની છેડતી કર્યાની ફરિયાદ

### ગામના જ શખ્સે સગીરાનું બાવડું પકડી છેડતી કરી

અમરેલી, ખાંભા તાલુકાના નવામાલકનેસ ગામે સગીરાની ઘરે જુના માલકનેસ ગામના કાળુ બાંભણીયાએ બાવડું પકડી છેડતી કર્યાની સગીરાના પિતાએ ખાંભા પોલિસ મથકમાં કાળુ બાંભણીયા સામે ફરિયાદ નોંધાવી છે.

### પોલિસ અધિક્ષક હિમકરસિંહની સુચનાથી

# અમરેલી જીલ્લામાં ૮ વાહન ચાલકો સહિત ૩૪ નશાખોરો ઝડપાયા

### પોલીસે જુદા જુદા સ્થળોએથી વાહનો સાથે નશાખોરોને ઝડપી લીધા

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર) અમરેલી જીલ્લામાં થર્ટી ફસ્ટ અને નાતાલ દરમ્યાન પોલિસ અધિક્ષક હિમકરસિંહની સુચના અને માર્ગદર્શનથી પોલિસે ગોઠવેલ નાકાબંધીના કારણે જીલ્લાની તમામ ચેકપોસ્ટુ પર પોલિસની સર્તકતાના કારણે જુદા જુદા સ્થળોએથી ૮ વાહન ચાલકો સહિત ૩૪ નશાખોરોને પોલિસે ઝડપી પાડી જેલની હવા ખવડાવી હતી.

# ખાંભાના કોટડામાં ૨૭ બોટલ ઈંગ્લીશ દારૂ સાથે ઝડપાયો

### દારૂ બે મોબાઈલ રોકડ અને બાઈક મળી કુલ રૂા. ૪૧, ૬૬૦ નો મુદામાલ કબ્જે

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર) ખાંભા તાલુકાના કોટડા ગામે પો. કોન્સ. મિતેશભાઈ વાળાએ કોટડા ગામના અનુ જેતુભાઈ વાળાને જુદી જુદી બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની ૨૭ બોટલ રૂ/-૪૮૫૦, રોકડ રૂ/-૮૧૦ બે મોબાઈલ અને સ્પ્લેન્ડર બાઈક મળી કુલ રૂ/-૪૧,૬૬૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયો હતો.

# ભમોદરા ગામે જુગાર રમતા ૬ ઝડપાયા

### જુગારના પટમાંથી રોકડ રૂા. ૫૩૧૯૦ કબ્જે કર્યા

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર) સાવરકુંડલા તાલુકાના ભમોદરા ગામે જાહેરમાં જુગાર રમતા અબ્દુલ મજીદભાઈ શેખ , મહાવીરસિંહ હનુભા ચુડાસમા, રમેશ હીરલાલ મહેતા , યોગેશ બાબુભાઈ ગોહિલ, અજય કેશુભાઈ વિછિંયા, દેવેન્દ્ર ઉર્ફે ઘુઘા દિલુભાઈ ખુમાણને હે. કોન્સ.છગનભાઈ ડાભીએ રોકડ રૂ/-૫૩૧૯૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા.

## વડિયાના સાણથલીમાં લોકસાહિત્ય કાર્યક્રમ યોજાયો

અમરેલી,વડિયા નજીક આવેલા સાણથલી ગામે તા. ૨૪-૧૨ ના બપોરના ૩ થી ૭ સુધી આમંત્રિત મહેમાનોની ઉપસ્થિતિમાં દરબારગઢમાં ડો. વિક્રમ વાળાના અધ્યક્ષ સ્થાને લોકસાહિત્યનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો . આ કાર્યક્રમમાં ભીખુભાઈ માળવીયા, ડો. વિક્રમ વાળા, કનુભાઈ વાળા, મુળુભાઈ ગોવાળીયા, રામભાઈ બારોટ, ઈન્દ્રરાજ સિંધવ, સહિતના કલાકારાએ સુર, શબ્દ અને સંગીતની રમઝટ બોલાવી હતી.

## અમરેલીમાં મોબાઈલ ચોરાયો

અમરેલી,અમરેલીમાં બ્રાહમણ સોસાયટી રામનગરમાં રહેતા દિપકભાઈ ગાંડાભાઈ સરવૈયા પાન મસાલો ખાવા ગયેલ ત્યારે તેમના ખીસ્સામાં રાખેલ વીવો કંપનીનો સીમ સાથેનો મોબાઈલ રૂ/-૨૨,૯૯૦ ની કિંમતનો પડી જતા કોઈ ચોરી ગયાની અમરેલી સીટી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## અમરેલીમાં પરીણીતા ઉપર હુમલો

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)અમરેલી સાવરકુંડલા રોડ રેલ્વે ફાટક પાસે રહેતી ભારતીબેન પ્રશાંતભાઈ જોગદીયાએ ચાર વર્ષ પહેલા પ્રશાંત કિશોરભાઈ જોગદીયા સાથે લવ મેરેજ કરેલ હોય. શાકમાં જીરૂ નાખવા પ્રશ્ને પ્રશાંતે બોલાચાલી કરી ભારતીબેનને ગાળો બોલી ઢીકાપાટું વડે મારમાર્યાની અમરેલી સીટી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સાવરકુંડલામાં થેલેસેમીયા કેમ્પ યોજાશે

### ખેતાણી પરિવાર ફાઉન્ડેશન દ્વારા આયોજન

સાવરકુંડલા, ભગવાન શ્રી મહાવીર સ્વામીના અનુયાયી અને સતત ત્રીજા વર્ષે લાભાર્થી માટે આ કેમ્પના દાતા માતૃશ્રી વિમળાબેન ચંપકલાલ ખેતાણી પરિવાર ફાઉન્ડેશન સાવરકુંડલાવાળા અને હાલ મુંબઈ દ્વારા કેમ્પ યોજાશે

તારીખ ૨૯-૧૨-૨૦૨૩ શુક્રવારે મેગા થેલેસેમિયા કેમ્પ ઈન્ડિયન રેસ કોર્સ સોસાયટી સાવરકુંડલા દ્વારા આયોજિત કાણકિયા કોલેજ, મહિલા કોલેજ, અધ્યાપન મંદિર તેમજ નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ માટે યોજાશે. માતૃશ્રી વિમળાબેન ચંપકલાલ ખેતાણી પરિવાર ફાઉન્ડેશન સાવરકુંડલાવાળા હાલ મુંબઈ સતત ત્રીજી વખત આ કેમ્પના દાતા છે. આ કેમ્પમાં સાવરકુંડલા ના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળા પ્રાંત અધિકારી શ્રી મામલતદાર શ્રી, ડીવાયએસપી, પીએ સાઈ, તથા તમામ અધિકારી અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં કેમ્પ યોજાશે જ્યારે ૨૦૨૧/૨૨ માં આ કેમ્પ યોજાયો હતો જેમાં ૭૭૮ વિદ્યાર્થી ભાઈઓ તેમજ ૫૭૮ વિદ્યાર્થી બહેનો કુલ ટોટલ ૧,૦૬૬ કેમ્પનો લાભ લીધેલ હતો જેમાં ૨૦૨૨/૨૦૨૩ના વર્ષમાં ૨૦૬ વિદ્યાર્થી ભાઈઓ અને ૨૪૧ વિદ્યાર્થી બહેનોએ ભાગ લીધેલ કુલ ટોટલ ૪૪૭ એ આ કેમ્પનો લાભ લીધેલ હતો ૨૦૨૨/૨૩ માં ૧૮ ભાઈઓ તેમજ ૨૩ બહેનો પોઝિટીવ આવેલા આ કેમ્પ કેટલો મહત્વનો છે અને ખૂબ જરૂરી છે તેમની માહિતી આગલા દિવસે છે જે તે કોલેજમાં અપાઈ હતી.

# સાવરકુંડલામાં ઘરની વાડમાં આગ લાગી



સાવરકુંડલા,સાવરકુંડલા શહેરમાં આવેલ તાત્કાલિક હનુમાનજી આશ્રમ ની બાજુમાં આવેલ બ્રિજ ના ખૂણામાં દેવીપુજક ભરતભાઈ ના ઘરની વાડમાં ભયંકર આગ લાગી હતી આ આગ અજાણ્યા વ્યક્તિ દ્વારા લગાડવામાં આવી હતી સાવરકુંડલા નગરપાલિકા ના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીને જાણ થતા પ્રમુખશ્રી દ્વારા ફાયર ફાઈટર ના હેડ જયરાજ ભાઈ ખુમાણ ને જાણ કરી તેમની ટીમ દ્વારા ઘટના સ્થળે સાત મિનિટમાં પહોંચી ગયા હતા જેમાં વોટર બ્રાઉઝર ડ્રાઈવર રવિરાજભાઈ જેબલીયા તેમજ ફાયરમેન અજીતભાઈ ખુમાણ દ્વારા ભયંકર આગ પર ઝડપથી કાબુ મેળવાયો હતો

# રાજુલાના વિવિધ વિસ્તારોમાં અયોધ્યાથી આવેલ અક્ષતકુંભની પધરામણી



### શહેરમાં ઠેર ઠેર અક્ષત કુંભના સામૈયા કરાયાં

રાજુલા, રામ જન્મભૂમિ તીર્થ ચિત્ર અયોધ્યામાં ભવ્ય નિર્માણ થઈ રહ્યું છે ત્યારે તારીખ ૨૨ ૧ ૨૦૨૪ અને સોમવારના દિવસે શ્રી રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા થવાની હોય ત્યારે આ આનંદનો ઉત્સવ હોય ત્યારે શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર દ્વારા સમસ્ત હિન્દુ સમાજ અયોધ્યાના દર્શન માટે થનગની રહ્યું હોય ત્યારે અયોધ્યાથી આમંત્રણ માટે અક્ષત કોમ્બો અભિમનરીત કરીને મોકલવામાં આવેલ હોય જે રાજુલા શહેરમાં વિવિધ વિસ્તારોમાં આ કુંભ ઘરે ઘરે પધરામણી કરવાની હોય ત્યારે રાજુલા શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા વિવિધ વિસ્તારોમાં વિવિધ લોકોને આ કામગીરી સોંપવામાં આવી ત્યારે આજે રાજુલા શહેરમાં પાણીની ટાંકી પાસે ઉદ્યોગ મંદિર પાછળ મહેશભાઈ ટાંક તેમજ મહેશભાઈ તેમજ હિતેશભાઈ સુપ્રીમ એજન્સી વાળા ના ઘરે તેમજ હરેશભાઈ જેઠવા ના આ કુંભની પધરામણી કરવામાં આવી ત્યારે અવસ્થાના તમામ નાની નાની બાળકો દ્વારા આ કુંભનું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ ત્યારે આ વિસ્તારના તમામ માતાઓ બહેનો પણ એકત્રિત થયેલા અને ભવ્ય થી ભવ્ય રીતે ફટાકડાઓ ફોડી અને ડીજેના તાલે જય શ્રી રામ હર હર મહાદેવ સાથેના નારા લગાવીને આ કુંભનું સ્વાગત કરવામાં આવેલું અને આ વિસ્તારમાં એક દિવાળી જેવો માહોલ જોવા મળ્યો શહેરના વિવિધ આગેવાનો વેપારીઓ વિવિધ સંસ્થાના આગેવાનો વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ તેમજ આરએસએસના કાર્યકર્તાઓ તેમજ રાજુલા શહેરના અન્ય સામાજિક સંસ્થાઓના કાર્યકર્તાઓ હાજર રહેલ તેમજ રવુંભાઈ ખુમાણ. યુવરાજભાઈ ચાંદુ. જયરાજભાઈ ધાખડા. મિહિરભાઈ દવે. ગિરિશભાઈ જોશી. રાજેશભાઈ જાખરા. જીતુભાઈ તેરૈયા. હિતેશભાઈ પંડિત. હરેશભાઈ ટાંક. હર્ષદભાઈ ટાંક. અભી બાંભણિયા. ચેતનભાઈ ભૂતૈયા. અમિત ભુતૈયા. હાજર રહેલ સમગ્ર કાર્યક્રમ નું આયોજન આ સંપૂર્ણ મહેશ ટાંક તથા હરેશ જેઠવા એ કરેલું...

# ટીંબી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ દ્વારા અમેરિકાના ડો. રાજપરા દંપતિનું સન્માન કરાયું

### 3 વર્ષથી અમેરિકાથી સેવા આપવા આવતા હોવાથી મોમેન્ટો શાલ ઓઢાડી સન્માન



ટીંબી,સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી (જ.ભાવનગર) માંદદીનારાયણની નિઃશુલ્ક આચ્ચગ્ય સેવાર્થે અમેરીકા નાં માનસ્તિક શેગોનાં નિષ્ણાંત ડો.ભુપેન્દ્ર રાજપુરા તા. ૨ ડિસેમ્બર થી તા. ૧૬ ડિશેમ્બર-૨૦૨૩ (૧૬ દિવસ માટે) દર્દીઓનાં નિદાન અને સારવાર કચવા માટે આવ્યા હતા. આ દિવસો દરમિયાન કુલ ૧૪૫ જેટલા માનસ્તિક શેગોનાં દર્દીઓએ સારવારનો લાભ મળેલ હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ડો. ભુપેન્દ્ર રાજપુરા અમેરીકા થી છેલ્લા ત્રણ વર્ષથી દર વર્ષે લગભગ બે અઠવાડીયા માટે આપણી હોસ્પિટલમાં દર્દીનારાયણની સ્વાર્થે આવે છે. હોસ્પિટલ ટ્રસ્ટીમંડળ વતિ મેડીકલ સુપ્રિ.-ડો. નટુભાઈ રાજપરા અને મંત્રી-બી.એલ.રાજપશરા દ્વારા ડો. ભુપેન્દ્ર રાજપુરા સાહેબ તથા તેમનાં ધર્મપત્ની શ્રીમતિ કલ્પનાબેન ભુપેન્દ્ર રાજપુરા નું મોમેન્ટો અબે શાલ અર્પણ કરીને સનૂમ્માનિત કરી હદયપૂર્વકનો આભાર વ્યકત કરેલ છે.

# અમરેલી શ્રી શાન્તાબેન ગજેરા ડીએલએસએસ સ્પોર્ટ્સની બહેનોએ હેન્ડબોલમાં મેડલ મેળવ્યા

### દિલ્હી ખાતે બહેનોએ મેડલ મેળવી અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યું



અમરેલી, શ્રીમતિ શાન્તાબેન હરિભાઈ ગજેરા ડીએલએસએસ સ્પોર્ટ્સ સ્કુલ અમરેલીની યુ.૧૪ની બેહનોએ નેશનલ કક્ષાએ હેન્ડબોલ સ્પર્ધામાં મેડલ મેળવી શાળા તમામ પરિવારને ગૌરવ આપ્યું છે આ સ્પર્ધા દિલ્હી મુકામે ૬૭મી અખિલ ભારતીય શાળાકીય રમતોની સ્પર્ધા (એસજીએફ-૧) માં રાષ્ટ્રીય કક્ષાએ હેન્ડ બોલમાં સફળતા પ્રાપ્ત કરનાર ખેલાડીઓ. બારૈયા નિધિ તથા મકવાણા દર્શનાને આ ઉત્કૃષ્ટ સફળતા માટે સંસ્થા અભિનંદન પાઠવતા અત્યંત હર્ષની લાગણીનો અનુભવ કરે છે. ડીએલએસએસ સ્પોર્ટ્સ સ્કુલ અમરેલીની ખેલાડીઓ અનેકરમતોમાં નેશનલ લેવલ ભાગ લઈને મેડલ મેળવી અમરેલી જીલ્લા, ડીએલએસએસ સ્કુલ તથા પરિવારને ગૌરવ અપાવે છે તેમની આ સિધ્ધિ બદલ ૩૧.૫૫નાં કોચ તથા પ્રિન્સીપાલશ્રીએ ખુબ ખુબ અભિનંદ પાઠવ્યા છે. સંસ્થાનાં પ્રમુખશ્રી વસંતભાઈ ગજેરા, મંત્રીશ્રી ચતુરભાઈ ખૂટ અને મનસુખભાઈ ધાનાણી, ડાયરેકટશ્રી વસંતભાઈ પેથાણી એ ખેલાડીઓ તથા કોચને હદયપૂર્વક શુભકામના પાઠવી ઉતરોતર પ્રગતિ માટે અભિનંદન આપ્યા હતા.

# બાબરકોટ નર્મદા સિમેન્ટમાં બેઠક યોજતા શ્રી હિરાભાઇ સોલંકી

### નર્મદા સિમેન્ટના વર્કસના અધિકારીઓ અને કર્મચારીઓની ઉપસ્થિતિ



રાજુલા,બાબરકોટ (જાફરાબાદ) ખાતે નર્મદા સિમેન્ટ વર્કસ ખાતે યોજાયેલી મિટિંગમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ હાજરી આપી હતી. જેમાં કંપનીના જવાબદાર અધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે અનિલ શુકલાજી વિકાસ વર્માજી રાજેન્દ્ર ગોયલજી તેમજ પ્રશાંત મિશ્રાજી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તાલુકા પંચાયતના સદસ્ય કરસનભાઈ તથા જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન કરસનભાઈ ભીલ તથા ટીંબી માર્કેટિંગ યાર્ડના પ્રમુખ ચેતનભાઈ શિયાળ સહિત ઉપસ્થિત રહ્યા હતા.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા.૨૯.૧૨.૨૦૨૩ શુક્રવાર ,સંવંત ૨૦૮૦, માગશર વદ બીજ, પુષ્ય નક્ષત્ર, વૈદ્યુતિ યોગ,વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ કર્ક (ડ,હ) રહેશે.

# કર્ક રાશિના મિત્રો પોતાની પ્રતિભા બતાવી શકશે

આજરોજ બીજ વૃદ્ધિતિથિ છે અને સૂર્ય મહારાજ પૂર્વાષાઢા નક્ષત્રમાં પ્રવેશ કરી રહ્યા છે જેથી વાતાવરણમાં ફેરફાર જોવા મળશે. તિથિ બીજ નવા કાર્ય શરુ કરવા માટે શુભ છે વળી શુભ વિચાર ને અમલમાં મુકવા કોઈ બાધા કે પ્રતિજ્ઞા કે સંકલ્પ કરવા આજનો દિવસ શુભ છે બીજ ત્તિથી પર ચંદ્ર નો પ્રભાવ છે તેની વૃદ્ધિથી કર્ક રાશિના મિત્રો પોતાની પ્રતિભા બતાવી શકશે. સુર્ય, મંગળ અને ગુરુ ધર્મ ત્રિકોણમાં બિરાજે છે! આ એક અત્યંત શુભ સંકેત છે કે સત્ય અને ધર્મની જીત થશે, અને પાખંડીઓની પોલ ખુલ્લી પડતી જોવા મળશે. સૂર્ય મંગળ અને ગુરુ ધર્મ ત્રિકોણમાં ભગવો રંગ બનાવે છે અને પ્રભુ શ્રી રામ માટે સમગ્ર દેશ ભાવવિભોર બન્યો છે! ધર્મ, જ્ઞાન અને કર્મના ત્રિકોણમાં આ મહત્વપૂર્ણ ગ્રહોની હાજરીથી ન્યાય,



